**ફોજદારી ગુનામાં દોષિત ઠરેલ સરકારી અધિકારી/કર્મચારીને કરવામાં આવેલ સજા સામેની અપીલ ઉપલી કોર્ટમાં પડતર હોય ત્યારે તેમની સામે ગુજરાત મુલ્કી સેવા(પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમ:૨૩-૨૪ મુજબ પગલાં લેવા બાબત.**

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
સરદાર ભવન, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંક:પશન-૧૦૨૦૦૯-થ્રુ.૧૩-પી
તારીખ:૦૪/૦૮/૨૦૧૮

**વંચાણમાં લીધાઃ-**

(૧) ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો,૨૦૦૨ ના નિયમ (૨૩) અને (૨૪)
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૫/૮/૨૦૦૩નો પરિપત્ર ક્ર: સીડીઆર-૧૦૯૬-૭૯-ત.એ.
(૩) નાણા વિભાગનો તા.૦૧/૧૦/૨૦૦૯નો પરિપત્ર ક્ર:પશન-૧૦૨૦૦૯-થ્રુ-૧૩-પી.
(૪) નાણા વિભાગનો તા.૨૮/૧/૨૦૧૦નો સુધારા પરિપત્ર ક્ર:પશન-૧૦૨૦૦૯-થ્રુ-૧૩-પી.
(૫) નાણા વિભાગનો તા.૨૨/૧૧/૧૨ નો સુધારા પરિપત્ર ક્ર:પશન-૧૦૨૦૦૯-થ્રુ-૧૩-પી.

**પરિપત્રઃ-**

ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-૨૦૦૨ ના નિયમ ૨૪(૩) હેઠળ કામચલાઉ પેન્શન હેઠળ નિવૃત્ત કરાયેલા અધિકારી/કર્મચારી સામે ચાલતા એ.સી.બી.ટ્રેપ કેસ, ફોજદારી કે અન્ય કેસ ન્યાયાલયમાં ચાલતા તેમાં નીચલી કોર્ટમાં આવેલ ચુકાદામાં અધિકારી/કર્મચારી દોષિત ઠરે અને ઉપલી કોર્ટમાં અપીલ પડતર હોય તેવા કેસમાં અને જે કેસમાં સરકારી અધિકારી/કર્મચારી નિર્દોષ જાહેર થાય કે શંકાનો લાભ આપીને છોડી મુકવાના કેસમાં સરકાર પક્ષે થયેલ અપીલ પડતર હોય અને નીચલી કોર્ટના ચુકાદા સામે stay મળેલ હોય કે stay ન મળેલ હોય બંને કેસમાં પેન્શનનું આખરીકરણ કરવા બાબતે જરૂરી સૂચનાઓ ઉકત ક્રમ (૨)થી (૫) પરના પરિપત્રોથી પરિપત્રિત કરવામાં આવેલ છે. પરંતુ, વંચાણમાં લીધેલ (૩) પરના પરિપત્રના ફકરા(૨) માં વંચાણે લીધેલ ક્રમ (૩) અને (૪) પરના પરિપત્રોથી સુધારા થતાં વહીવટી વિભાગો દ્વારા કેટલીકવાર વંચાણે લીધેલ ક્રમ (૩)થી (૫) પરના પરિપત્રોનું સંયુકત રીતે અર્થઘટન ન થવા અંગેની બાબતો નાણાં વિભાગના ધ્યાને આવેલ છે. જેથી વંચાણે લીધેલ (૩)થી (૫) પરના પરિપત્રોને સંકલિત કરી નીચે મુજબની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) વંચાણમાં લીધેલ ક્રમાંક:(૨)પરના સામાન્ય વહીવટ વિભાગના તા.૫/૮/૨૦૦૩ના પરિપત્રમાં સ્પષ્ટ માર્ગદર્શન આપવામાં આવેલ છે કે નામ.સુપ્રીમકોર્ટના સીવીલ અપીલ નંબર ૬૮૧૪/૧૯૮૩ અને સીવીક અપીલ નંબર ૨૯૯૨/૧૯૯૫ના તા.૨૪/૨/૯૫, ક્રિમિનલ અપીલ નં. ૭૦૦/૨૦૦૧નાં તા.૦૨/૦૮/૨૦૦૧ના ચુકાદા મુજબ નીચલી/સ્થાનિક કોર્ટના ચુકાદામાં અધિકારી/કર્મચારી દોષિત જાહેર થયેલ હોય અને તે ચુકાદા સામે કરવામાં આવેલ અપીલમાં ઉચ્ચ/ઉપલી કોર્ટ દ્વારા stay આપવામાં આવેલ હોય કે stay ન આપવામાં આવેલ હોય બંને સંજોગોમાં અપીલના ચુકાદાની રાહ જોયા સિવાય ગુજરાત રાજય સેવા(શિસ્ત અને અપીલ)નિયમો, ૧૯૭૧ના સંબંધિત નિયમોનુસાર શિસ્ત વિષયક કાર્યવાહી પુરી કરી તેમને શિક્ષા કરી શકાય છે.

આ સુચનાઓ મુજબની કાર્યવાહીને અનુસરી ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ)નિયમો ૧૯૭૧ના નિયમો અને ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો ૨૦૦૨ ના નિયમ-૨૩-૨૪ મુજબ પેન્શન કાપની કાર્યવાહી કરવાની રહે છે. જે મુજબ કાર્યવાહી સમયમર્યાદામાં નહીં કરવાને કારણે લાંબા સમય સુધી ખોટી રીતે કામચલાઉ પેન્શન ચુકવવાનું થાય છે. જે ન્યાયના કે વહીવટી હિતમાં ઉચિત નથી. આવા ચુકાદાની અધિકૃત નકલ તાત્કાલિક મેળવી ૪૫ દિવસમાં નિયમોનુસાર ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો ૨૦૦૨ના નિયમ-૨૩-૨૪ મુજબ કાર્યવાહી કરવાની અંગત જવાબદારી જે તે કચેરી/ખાતાના વડા/વહીવટી વડાની રહેશે.

(૨) સાથોસાથ ઉપરોકત પ્રકારના કેસોમાં જે સરકારી અધિકારી/કર્મચારીને નીચલી કોર્ટમાં નિર્દોષ જાહેર કરવામાં આવે કે શંકાનો લાભ આપીને છોડી મૂકવામાં આવે અને તે ચુકાદા સામે રાજય સરકાર દ્વારા અપીલ કરવામાં આવેલ હોય અને અન્ય કોઈપણ ખાતાકીય તપાસ પડતર ન હોય તેવા કિસ્સામાં તેમને નિર્દોષ ગણીને પેન્શન કેસનું આખરીકરણ કરવાનું રહેશે. આવા કેસમાં જે તે નામદાર નીચલી કોર્ટના ચુકાદાની અધિકૃત નકલ મેળવી અને નામદાર ઉપલી કોર્ટ દ્વારા મનાઈ હુકમ (stay) આપવામાં આવેલ નથી, તેની પૂરી ખાતરી કરી બનતી ત્વરાએ પેન્શન કેસનું આખરીકરણ કરવાનું રહેશે.

પેન્શન વિનિયમિત કરવા બાબતે સ્વયંસ્પષ્ટ હુકમ(speaking order) કરવાનો રહેશે કે જેમાં કોર્ટ કેસની તમામ વિગતો આવરી લઈને એ બાબતનો પણ ઉલ્લેખ કરવાનો રહેશે કે રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ અપીલના ચુકાદા મુજબ નિવૃત્ત અધિકારી/કર્મચારીઓ જો દોષિત ઠરશે તો તેના આધારે ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો ૨૦૦૨ ના નિયમ ૨૩ મુજબ કાર્યવાહી કરીને પેન્શન કાપની શિક્ષા થઈ શકશે. આ મુજબની લેખિત બાંહેધરી પણ સંબંધિત અધિકારી/કર્મચારી પાસેથી અચૂક મેળવી લેવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે. કે. પટેલ)
નાયબ સચિવ (પેન્શન અને તિજોરી)
નાણાં વિભાગ

**નકલ રવાના:-**

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ સચિવાલય, ગાંધીનગર.
માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત મદદનીશ, સ્વર્ણિમ સંકુલ સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
માન.વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય,ગાંધીનગર.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ,સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કીસેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ પસંદગી સેવા મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો/તમામ ખાતાના વડાઓ/તમામ કચેરીના વડાઓ.
તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી,(એ એન્ડ ઈ),ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી(ઓડિટ-૧-૨),અમદાવદ/રાજકોટ.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ અને હિસાબની કચેરી, ગાંધીનગર.
સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
તમામ તિજોરી અધિકારીઓ/તમામ પેટા તિજોરી અધિકારીઓ.
પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, અમદાવાદ/ગાંધીનગર/ નર્મદા/ વડોદરા.
સ્થાનિક ઓડિટ અધિકારી,અમદાવાદ/ગાંધીનગર.
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/તમામ શાખાઓ(નાણા શાખાઓ સહિત)
સીસ્ટમ મેનેજર, નાણાવિભાગ (વેબસાઈટ પર મુકવા)
સીલેકટ ફાઈલ.

---

- પત્ર દ્વારા